# હોર્મુઝમાં તેલના જહાજોની અવર જવર નહીંવત થઇ જતાં મોંઘવારી વધશે

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ઇરાન, અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધે વૈશ્વિક સ્તરે ઉર્જા સુરક્ષાના પાયા હચમચાવી દીધા છે. ભારત માટે આ માત્ર રાજદ્વારી પડકાર નથી, પરંતુ આર્થિક અસ્થિરતાનું મોટું તોફાન છે. આ સંઘર્ષની સીધી અસર ભારતના ક્રૂડ ઓઇલના સપ્લાય અને મોંઘવારી પર જોવા મળી રહી છે. વિશ્વના કુલ ક્રૂડ ઓઇલના વેપારનું લગભગ 20% અને ભારતની જરૂરિયાતનું અડધાથી વધુ તેલ હોર્મુઝની સમુદ્રધુની (Strait of Hormuz) માંથી પસાર થાય છે. ઇરાન દ્વારા આ રૂટ પર નિયંત્રણ કે અવરોધ ઊભો કરવાની ચેતવણીએ તેલના ભાવમાં જોરદાર ઉછાળો આણ્યો છે. માર્ચના પ્રથમ સપ્તાહમાં જ બ્રેન્ટ ક્રૂડના ભાવ $90 થી $95 પ્રતિ બેરલને પાર કરી ગયા છે. ભારત પોતાની જરૂરિયાતનું 85-88% ક્રૂડ આયાત કરે છે, તેથી તેલના ભાવમાં દર $1 નો વધારો ભારત પર વાર્ષિક અંદાજે રૂ.16,000 કરોડનો વધારાનો આર્થિક બોજ નાખે છે. આ મુશ્કેલ સમયમાં ભારતની રણનીતિ ફરી એકવાર રશિયા તરફ વળી છે. રશિયન ક્રૂડ અત્યારે ભારત માટે 'સેફ્ટી વાલ્વ' સમાન સાબિત થઈ રહ્યું છે. અમેરિકાએ ભારતીય રિફાઇનરીઓને રશિયન તેલ ખરીદવા માટે આપેલી વિશેષ છૂટ છતાં, લોજિસ્ટિક્સ અને વીમાના પ્રીમિયમમાં થતો વધારો રિફાઇનરીઓના નફા પર કાતર ફેરવી રહ્યો છે. જો યુદ્ધ લાંબુ ચાલશે તો આ સસ્તું તેલ પણ ભારતને મોંઘું પડી શકે છે.ભારત પાસે અત્યારે 25 થી 50 દિવસનો ક્રૂડ અને રિફાઇન્ડ પ્રોડક્ટ્સનો સ્ટોક ઉપલબ્ધ છે, જે ટૂંકા ગાળાની રાહત આપે છે. પરંતુ જો ખાડીના દેશોમાંથી આવતો પુરવઠો લાંબો સમય ખોરવાશે તો ભારતમાં ક્રૂડની અછત સર્જાશે. પેટ્રોલ-ડીઝલના ભાવની વાત કરીએ તો સરકારી ઓઇલ કંપનીઓ પર ભાવ વધારવાનું દબાણ વધશે. રાંધણ ગેસના સપ્લાયમાં પણ અવરોધ આવી શકે છે, કારણ કે ભારત ઘણો ખરો ગેસ કતાર અને UAE થી મંગાવે છે. પરિવહન ખર્ચ વધતા ખાદ્ય ચીજો અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ મોંઘી થવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

હોર્મુઝની સમુદ્રધુની વિશ્વના તેલ વેપાર માટેની સૌથી મહત્વની નળી છે. વિશ્વના કુલ તેલ વપરાશનો અંદાજે ૨૦% થી ૨૫% હિસ્સો અહીંથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ (UAE) અને કુવૈત જેવા મોટા તેલ ઉત્પાદક દેશો પોતાનું ક્રૂડ ઓઈલ આ માર્ગે જ એશિયા અને યુરોપના દેશોમાં મોકલે છે. જો આ માર્ગ માત્ર થોડા દિવસો માટે પણ બંધ થાય, તો વૈશ્વિક બજારમાં તેલના ભાવ આસમાને પહોંચી શકે છે.ભારત માટે આ જળમાર્ગ તેની 'લાઇફલાઇન' સમાન છે. ભારતના કુલ ક્રૂડ ઓઈલની આયાતનો લગભગ ૫૦% થી ૬૦% હિસ્સો આ માર્ગે આવે છે. ભારત માત્ર તેલ જ નહીં, પરંતુ રાંધણ ગેસ (LPG) અને નેચરલ ગેસ (LNG) માટે પણ કતાર અને યુએઈ જેવા દેશો પર નિર્ભર છે, જેનો પુરવઠો હોર્મુઝમાંથી જ પસાર થાય છે. તેથી, આ વિસ્તારમાં થતી કોઈપણ સૈન્ય હિલચાલ સીધી ભારતના સામાન્ય નાગરિકના રસોડાના બજેટ પર અસર કરે છે.

૨૦૨૬ના પ્રારંભિક મહિનાઓમાં ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચેના યુદ્ધ જેવી સ્થિતિને કારણે હોર્મુઝમાં અવરોધો ઊભા થયા છે. ઈરાને અનેકવાર આ માર્ગ બંધ કરવાની ધમકી આપી છે. જ્યારે પણ આ વિસ્તારમાં ટેન્કરો પર હુમલા થાય છે અથવા નૌકાદળની જપ્તી થાય છે, ત્યારે વીમા પ્રીમિયમ અને શિપિંગ ખર્ચમાં ધરખમ વધારો થાય છે. આનાથી ભારતીય રિફાઇનરીઓ માટે તેલ મોંઘું બને છે, જે અંતે પેટ્રોલ-ડીઝલના ભાવવધારામાં પરિણમે છે. આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા ભારત બે સ્તરે કામ કરી રહ્યું છે. વૈકલ્પિક માર્ગો અને સ્રોતઃ ભારત હવે ખાડી દેશો પરની નિર્ભરતા ઘટાડી રશિયા અને આફ્રિકન દેશો પાસેથી વધુ તેલ મંગાવી રહ્યું છે.સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વની વાત કરીએ તો કટોકટીના સમયે કામ લાગે તે માટે ભારતે ભૂગર્ભમાં તેલનો મોટો જથ્થો સંગ્રહિત કર્યો છે, જે અંદાજે ૧૦ થી ૧૫ દિવસની જરૂરિયાત પૂરી કરી શકે છે. નૌકાદળની ભૂમિકાઃ ભારતીય નૌકાદળ 'ઓપરેશન સંકલ્પ' હેઠળ ભારતીય તેલ ટેન્કરોને હોર્મુઝમાંથી સુરક્ષિત રીતે પસાર કરવા માટે સુરક્ષા પૂરી પાડી રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટના ઇતિહાસ પર નજર કરીએ તો શરૂઆતમાં આ વિસ્તાર સ્થાનિક પર્સિયન (ઈરાની) અને આરબ શાસકોના નિયંત્રણમાં હતો. ૧૦મી થી ૧૫મી સદી દરમિયાન, અહીં 'હોર્મુઝના રાજાઓ' (Kingdom of Ormus) નું શાસન હતું, જેઓ આ વિસ્તારના વેપાર પર પકડ ધરાવતા હતા. હોર્મુઝના ઇતિહાસમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે પોર્ટુગીઝોએ તેના પર આક્રમણ કર્યું. ૧૫૦૭માં પોર્ટુગીઝ સેનાપતિ અફોન્સો ડી અલ્બુકર્ક દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ૧૫૧૫ સુધીમાં પોર્ટુગીઝોએ અહીં સંપૂર્ણ કબજો જમાવી લીધો અને એક મજબૂત કિલ્લો બનાવ્યો હતો. લગભગ ૧૦૦ વર્ષથી વધુ સમય સુધી આ મહત્વપૂર્ણ વેપારી માર્ગ પોર્ટુગીઝોના હાથમાં રહ્યો. ૧૬૨૨માં, ઈરાનના સફાવિદ વંશના શાસક શાહ અબ્બાસ પ્રથમ એ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની મદદ લઈને પોર્ટુગીઝોને અહીંથી હાંકી કાઢ્યા. ત્યારબાદ તે ઈરાન (પર્સિયા) ના શાસન હેઠળ આવ્યું હતું. વર્તમાન સમયમાં હોર્મુઝ ટાપુ અને સામુદ્રધુનીનો ઉત્તર ભાગ ઈરાનના સાર્વભૌમત્વ હેઠળ છે, જ્યારે તેનો દક્ષિણ ભાગ ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) ની જળસીમાઓને સ્પર્શે છે. દુનિયાને વીસ ટકા તેલ પૂરુ પાડતા જહાજો હોર્મુઝમાંથી જ પસાર થાય છે. હોર્મુઝમાંથી તેલના ટેન્કરોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. જોઈન્ટ મેરીટાઈમ ઈન્ફોર્મેશન સેન્ટર (JMIC) ના 6 માર્ચના રિપોર્ટ અનુસાર છેલ્લા 24 કલાકમાં આ માર્ગેથી માત્ર બે કોમર્શિયલ જહાજો પસાર થયા છે. આ બંને માલવાહક જહાજો હતા. આ સમયગાળા દરમિયાન કોઈ તેલ ટેન્કર ત્યાંથી પસાર થયું ન હતું. સામાન્ય રીતે આ માર્ગેથી દરરોજ ડઝનબંધ વિશાળ તેલ ટેન્કરો પસાર થાય છે.

# ગૂનાખોરીના કળણમાં ફસાયેલ તત્કાલીન અમેરિકા...

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ


'2019 સુધી 'વૅલી ઑફ ફિયર'ના બે ભાગમાંથી પહેલા ભાગનો અનુવાદ થઈ ચૂક્યો હતો. ત્યારબાદ લેખનનું કાર્ય સાવ અટકી ગયું. લખવાનો રસ સાવ જતો રહ્યો હતો, પરંતુ અગાઉની બે નવલકથાઓ વાંચી વાચકોના ફોન ખાસ આવતા રહેતા અને બાકીની બે નવલકથા ગુજરાતીમાં પ્રકાશિત કરવાનો તેમનો સતત આગ્રહ રહેતો. બાકીની બે પૈકીની હાઉન્ડ ઑફ બાસ્કરવીલના અગાઉ ગુજરાતી અનુવાદો પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેથી વૅલી ઑફ ફિયરનો અનુવાદ ખાસ પ્રકાશિત થાય તેવો તેમનો આગ્રહ રહેતો. અનેક પ્રયત્નો છતાં આગળ લેખનનું કાર્ય ન જ થઈ શક્યું. મેં લગભગ માની જ લીધું હતું કે હવે બાકીનાં કોઈ પુસ્તકો અનુવાદ કરી પ્રકાશિત થશે નહીં'- (નિવેદન-જિગર શાહ).

આ અનુવાદકનું કથન છે. દરેક લેખક- અનુવાદકના જીવનમાં આવો તબક્કો આવતો હોય છે. જિગર શાહ એ તબક્કાને વટાવીને પાછા સક્રિય થયા પછી ઉપરા-છાપરી બે-ત્રણ અનુવાદ લઈને આવી રહ્યા છે એનો આનંદ વ્યક્ત કરું છું. આવકારું છું. સાથોસાથ એમને અવાર-નવાર આગ્રહ કરતા રહેલાં વાચકમિત્રોની એ તીવ્ર ઈચ્છાને પણ બિરદાવું છું જેમણે અનુવાદકને સતત જાગૃત કરવા પ્રયત્નો કર્યા.

શેરલોક હોમ્સનું નામ અને એના કારનામા હવે તો જગપ્રસિદ્ધ છે. કેટલી પેઢીઓના વાચનરસને પોષવા સાથે ગુનાહની દુનીયા અને અજીબ એવા કિસ્સાઓને ઉકેલવાની માથાપચ્ચીસીનો આનંદ આપ્યો છે. આ પ્રકારની કથાઓ-નવલકથાઓમાં ઓલ ટાઈમ ગ્રેટ છે. આર્થર કૉનન ડૉયલનો આ અર્થમાં જોટો નથી. એના અનુવાદો વાંચવાની પણ જે મજા છે એ ભાગ્યે જ બીજે મળે.

**'વૅલી ઑફ ફિયર'નામની આ નવલકથા એવી જ રસપ્રદ અને મનોરંજક તો છે જ સમાન્તરે એનું બીજું મૂલ્યવાન પાસુ એ છે કે આજથી બસ્સો અઢીસો વર્ષ પહેલાનાં અમેરિકાનો માહોલ, ત્યાંની ગુનાખોરી, આયોજનબદ્ધ ચાલતી અંડરવર્લ્ડની પ્રવૃત્તિઓનો ચિતાર પણ મળે છે**

'વૅલી ઑફ ફિયર'નામની આ નવલકથા એવી જ રસપ્રદ અને મનોરંજક તો છે જ સમાન્તરે એનું બીજું મૂલ્યવાન પાસુ એ છે કે આજથી બસ્સો અઢીસો વર્ષ પહેલાનાં અમેરિકાનો માહોલ, ત્યાંની ગુનાખોરી, આયોજનબદ્ધ ચાલતી અંડરવર્લ્ડની પ્રવૃત્તિઓનો ચિતાર પણ મળે છે. યુરોપ અને અમેરિકાની પૃષ્ઠભૂમિમાં વિસ્તરેલી આ કથા બહુ મોટા ભુભાગને તો આશ્લેષમાં લે જ છે સમાન્તરે કાયદો અને વ્યવસ્થાની કમજોરીઓને ય આબાદ રીતે ઉપસાવે છે. આંતર કૃતિત્વરૂપે એમાં મજૂરવર્ગ અને શેઠ વર્ગ વચ્ચેનો ભયાનક સંઘર્ષ જ નથી આલેખાયો, એકબીજા તરફની તીવ્ર સુગ પણ પ્રગટ થઈ છે. મૂડીવાદી અને સમાજવાદી વિચારસરણીનો સંઘર્ષ પણ છે. અલબત્ત લેખકનો અભિગમ મૂડીવાદીતરફી પ્રગટ થયા વિના નથી રહેતો પણ બને તેટલું તાટસ્થ્ય જાળવીને ય મજૂરોને એક રાખતી સંસ્થાઓ, એમનાં કટ્ટર અભિયાનો, એ નિમિત્તે ચાલતી ગુનાખોરી અને મૂડીવાદીઓનું આર્થિક અને માનસિક શોષણનું ચિત્ર આપવા સાથે એમના દ્વારા થતું મોટાપાયાનું માનવજીવનનું શોષણ પણ આલેખ્યું છે. 1885 આસપાસનાં સમયગાળામાં અમેરિકામાં મળી આવેલ ધાતુઓ, કુદરતી સંપત્તિઓનું દોહન કેવાં વિકૃત તરીકાથી ચાલતું હતું, એના કારણે જન્મેલી ગુનાખોરી, હિતસાધુઓની નાગાઈ અને ખંધાપણું પણ આ કૃતિમાં વણાઈને આવ્યું છે એટલે માત્ર કોઈ ગૂનાખોરને પકડવા માટેનું અભિયાન આ નવલકથામાં નથી. માત્ર જાસૂસી કથા ન રહેતાં એક આખા સમયપટમાં માનવજાતે, ખાસ કરીને મધ્યમ અને નિમ્નવર્ગની હાલાકીઓને વાચા મળી છે. પહેલો ભાગ પરંપરાગત રીતે જાસૂસકથા તરીકે વ્યાપ્યો છે પણ બીજા ભાગમાં લેખકનું ફૉકસ બદલાયું છે. લેખકે ગંભીરતાથી મૂડીવાદી સંસ્થાનો અને ગરીબ-મજરો વચ્ચેની ખાઈમાં વચેટીયા સંસ્થાઓ. સ્થાપિત




થઈ ચૂકેલા ગુંડાઓની સિંડિકેટ કેવી રીતે હત્યાઓ, કાવતારઓ અને દાદાગીરી કરીને બંને બાજુથી લાભ મેળવતા એના પર વધારે ફૉકસ રાખવામાં આવ્યું છે. સમાન્તરે નાજૂક એવી પ્રેમકથા, માનવચિત્તની દ્વિધાગત સ્થિતિ, કાયદાની મર્યાદાઓનો લાભ લેનારાઓની ભરમાળ, પોલીસતંત્રની લાચારી, ગુનાખોરીના જગતમાં ય માનવતાં લઈને હિજરાતાં કેટલાક વ્યક્તિઓ, ભોગ બનતાં નિર્દોષ લોકો, નીડર પત્રકારોની પારાવાર મુશ્કેલીઓ - એ બધાનું આલેખન આખીએ કથાને બળવાન બનાવે છે. તમે થોડીવાર માટે પણ કથારસથી અલિપ્ત ન રહો, ચિત્તમાં ધારાપ્રવાહથી આખોય પરિવેશ રચાતો જાય એવું જીવન્ત આલેખન અને એવો જ પ્રવાહી અનુવાદ આ નવલકથાના વાચનવેળાએ અનુભવાય છે.

સુપ્રસિધ્ધ કાલ્પનિક પાત્ર એવા શેરલૉક હૉમ્સ વિશે એટલું બધું લખાયું છે કે એમાં શો ઉમેરો કરવો એ પ્રશ્ન થઈ પડે. એની સૂક્ષ્મ નિરીક્ષણની રીતો, અલગારી વ્યક્તિત્વ, જે કેસમાં ઈન્વોલ્વ થાય તે પછીનું એનામાં આવતું અજીબ એવું પરિવર્તન, દરેક બાબતને જોવાની એની રીત અને પાછું ખૂટતી કડીઓ પરોવીને એના દ્વારા થતો રહસ્યસ્ફોટ આ કથાઓને લા-જવાબ બનાવી આપે છે. ડૉક્ટર વોટ્સન, સાથી ઈન્સ્પેક્ટરો, ઘટનામાં સંડોવાયેલા પાત્રોની તેજસ્વીતા, એણે આપેલી ચેલેન્જને સમજીને સ્વીકારતો હૉમ્સ આપણને પ્રતિપળે અચંબિત કરતો રહે- એ વિશેષોને કારણે કોઈપણ ઉમરે આ કથાઓ વારંવાર વાંચવી ગમે તેવી હોય છે. હવે તો ફિલ્મો અને સિરિયલો રૂપે પણ એ ઉપલબ્ધ છે, એની આદતો અને કથાઓની અસરો ઝીલીને જગતભરમાં કેટકેટલું લખાયું છે તેની પણ એક અચરજમાં નાંખનારી દુનીયા છે.


આર્થર કૉનન ડૉયલની વિશેષતાઓ અનેક છે ખાસ તો એ ઈતિહાસનો ઉપયોગ સરસ કરી જાણે છે, ભૂગોળ અને સાવ નગણ્ય લાગતી કેટકેટલી બાબતોમાં એમનું મન વિસ્તરણ પામ્યું છે એ ખરેખર અભ્યાસનો વિષય બને. એમના પાત્રો પાસે જે કામ લે છે, ટાઈમ મેનેજમેન્ટ ગોઠવે છે, કેસ ગૂચવવા અને એમાં ભાવક અટવાઈ જાય એવી કેટ કેટલી શક્યતાઓને ગૂંથ્યા પછી છેલ્લે એક સૅર એવી રાખે કે ત્યાંથી તમે આલોકિત થઈ જાવ. કેસનું રહસ્ય ખૂલ્યા પછી ચિત્તમાં જે કેથાર્સિસનો અનુભવ કરો તે આવી કૃતિઓ વાંચો ત્યારે જ સમજી શકાય. હાલ પરીક્ષામાં પડેલી મારી યુવાન પેઢીને કહેવાનું મન થાય કે પરીક્ષાઓ આપી તો પછી જે વેકેશન આવે છે એમાં આવી કથાઓ વસાવી લો અને એકવાર દસ-પંદર પાનાંઓ વાંચવાનો શ્રમ લો - પછી જૂઓ તમે એવા તો રમમાણ થઈ જોશો કે જીવનભર એની પક્કડમાંથી છૂટવું નહીં ગમે. જીવનમાં અવર્ણનીય આનંદનો અનુભવ જરૂર થશે.

**(વૅલી ઑફ ફિયર (જાસૂસકથા) આર્થર કૉનન ડૉયલ, પ્ર.આ.1915, અનુ. જીગર શાહ, ગુજ.માં પ્ર.આ. 2026, પ્રકા. ફેલિક્સ પબ્લિકેશન, ઇ-501, સેઈન્ટ પાર્ક, ગુજરાત ગૅસ સર્કલ, અડાજણ રોડ, સુરત- 395 009, કુલ પાનાં- 208, કિં. 275, કાચું પૂંઠુ, ડેમિ)**

# તળ સાથે જોડાયેલા સર્જકઃ નાનાભાઈ હ. જેબલિયા...

સંપાદકે આ ગ્રંથના પ્રાગટ્ય સંદર્ભે જે કહ્યુ છે તે જોઈએ તો- આ પુસ્તકનો પ્રાદુર્ભાવ એક પરિસંવાદની પ્રાપ્તિરૂપે થયો હતો. અને આ બીજી આવૃત્તિનું નિમિત્ત પણ એક પરિસંવાદ બને છે. પહેલો પરિવસંવાદ 2010માં સર્જકની હયાતીમાં- ઉપસ્થિતિમાં સર્જકના ગામ સાવરકુંડલામાં થયો હતો. બીજો પરિસંવાદ સર્જકના અવસાન બાદ 2022માં વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ ખાતે થયો હતો. જેમાં પ્રતિષ્ઠિત સર્જકવક્તાઓએ વક્તવ્યો રજૂ કર્યા અને લેખો પણ આપ્યા. નાનાભાઈ હ. જેબલિયાનું સર્જન ઘણું વિશાળ છે. પહેલા પરિસંવાદ વખતે અને પુસ્તક કરતી વખતે એમાંના ઘણા વિષયોની ચર્ચા-સમીક્ષા કરવી રહી ગઈ હતી. જે બીજા પરિસંવાદમાંથી પ્રાપ્ત થઈ. ઉપરાંત ઘટતું લખાવીને પણ આ બધું આ પુસ્તમાં ઉમેરી લેવું જોઈએ, એવી લાગણી-માંગણીએ આ બીજી આવૃત્તિનો પ્રકલ્પ અસ્તિત્વમાં આવ્યો છે. (પૃ.5) આમ આ ગ્રંથ એ રીતે જોઈએ તો બે તબક્કામાં પ્રકાશિત થયું અને આ બીજી વેળાએ જાણીતાં સર્જક નાનાભાઈ હ. જેબલિયાના મોટાભાગના સાહિત્યને આવરી લઈને સમીક્ષાત્મક અભિગમથી સર્જકલક્ષી ગ્રંથરૂપે પ્રાપ્ત થયુ છે.

નાનાભાઈ હ. જેબલિયાના સાહિત્ય વિશેનું આ નિરીક્ષણ જોવાથી આપણને ખ્યાલ આવે કે આ સર્જકની સાહિત્યદૃષ્ટિ છે, લખે છે- નાનાભાઈ જેબલિયાનાં સર્જનનાં મૂળ લોકજીવન અને લોકશિક્ષણમાં રહેલાં છે. નાનાભાઈનું સર્જકત્વ લોકજીવનનું બળ પામ્યું છે. માત્ર કથા નહીં, લોકશિક્ષણ અથવા કહો કે આઝાદી પછી આપણી ક્યાં ભૂલ થઈ છે તેનું વિશ્લેષણ અને દર્શન લઈને એમણે સાહિત્યસર્જન આરંભ્યું છે. ગઈ કાલની રખાવટ, ભેદભાવ વિનાનો જીવનવ્યવહાર અને મૂલ્યોની સામે આજનાં જ્ઞાતિ અને વર્ગ પ્રેરિત આંદોલનો, મતની રાજરમત, ચીકુભાઈના પ્રધાનપદાં અને છગુમગુની સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ, જેનો એક છેડો હંમેશાં ભ્રષ્ટાચારમાં છે, તેની તુલના નાનાભાઈ જેબલિયાનાં અનંત વિશ્વની મથામણ છે. જીવન તરફનો આવો નિરાળો સર્જન અભિગમ રાખનારા આ સર્જક એમનાં સર્જનના ભવિષ્ય વિશે જે કહે છે એ તો એથીએ નિરાળું છે (પૃ.9) એમ કહીને નાનાભાઈના સર્જનમાં રહેલાં વિશેષોને સરસ રીતે તારવી આપવામાં આવ્યા છે. આ ગ્રંથને કુલ સાત વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. પહેલા ભાગમાં આપણને પીઢ સમીક્ષકો મનસુખ સલ્લા, બાબુ દાવલપુરા, રઘુવીર ચૌધરીના લેખોમાંથી નાનાભાઈની રચનાઓને કેન્દ્રમાં રાખીને જાનપદી નવલકથાઓમાં આલેખાયેલ લોકજીવન, લોકસંસ્કૃતિનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે. એમની નવલકથાઓના વિશેષોની, લાક્ષણિકતાઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે. એમાંથી ઉભરતો આશાવાદી ઉજાસ ચીંધવામાં આવ્યો છે. ખુદ નાનાભાઈ જેબલિયાનો લેખ - અનુભવના ટકોરા- આ ખંડને સમૃદ્ધ કરે છે. એ લેખમાં પોતાની સર્જન કેફિયત આપતાં નાનાભાઈ જેબલિયા કહે છે- નવલકથાકાર તરીકે નવલકથા માટે મેં કોઈ પડકાર અનુભવ્યા નથી. હા, કથા મધ્યાંતરે પહોંચે ત્યારે વાર્તા આગળ વધારવાનો પડકાર અવારનવાર આવે. પાત્રો જામ્યા હોય, એનું વ્યક્તિત્વ પ્રગટ થઈ ગયું હોય એટલે કથાને આગળ વધારવાનો બનાવટી કોઈ પ્રપંચ એ સ્વીકારે નહીં. પોતાની આબરુ-ઈજ્જતને કારણે એ રીતસર હા-ના કરે. બોલેય એવું કે મેરબાન.. ચીંથરા ફાડો મા. અમે કાંઈ આંબેથી ખરી આવેલાં પાંદડા નથી. અને દિવસો સુધી મથવું પડે કે ટટળવું પડે. પણ પાછી લેખકની દયા આવતી હયો એમ વાર્તાને વળાંક આપનાર એકાદ જોરૂકું પાત્ર આવી ચડે. સાથે એનું ભાવવિશ્વ લાવે અ વાર્તાને ધક્કો મારી આપે કે પાંચ-સાત પ્રકરણો ધડાધડ લખાઈ જાય. ત્યાં તો એની સાથેનો નાતો હોવાની ઓળખાણ પીને નવું પાત્ર આવી જાય. અને કથારસ વહેવા માંડે અને વાર્તા પૂરી કરાવી આપે. (પૃ.33)




બીજો ખંડ સર્જકની વાર્તાઓ ઉપર કેન્દ્રિત છે. એમાં માય ડિયર જયુએ કથન, ગદ્ય, બોલીને કેન્દ્રમાં રાખીને લેખ કરે છે તો કિરીટ દૂધાતે કાનથી વાંચવા જેવી વાર્તાઓ કહીને જેબલિયાની વાર્તાઓ વિશે વિસ્તૃત સમીક્ષા કરી છે. કેસર મકવાણાએ - માનવીય ધારણાઓને ધક્કો આપતી વાર્તાઓ કહી છે. તો આ વિભાગમાં પણ વાર્તાઓ વિશેની સર્જક કેફિયત મળે છે અને માં પોતે ઘટનાનો ઓળીપો કરું છું એમ કહે છે. રતિલાલ બોરીસાગરે પછીના ખંડમાં કટારલેખન વિશે લેખ આપ્યો છે.

પછીના ખંડમાં અભ્યાસુ અધ્યાપક એવા મનોજ રાવલે નાનાભાઈ જેબલિયાની ઈતિહાસ આધારિત કથાઓ વિશે અભ્યાસપૂર્ણ લેખ કર્યો છે. એ જ રીતે કેસર મકવાણાનો લેખ એમની બલિદાન કથાઓ પર આધારિત છે. દલપતિ પઢિયારે સંતકથાઓ વિશે તો જગદીશ ત્રિવેદીએ હાસ્ય-વિનોદને લઈને નાનાભાઈની સાહિત્યમુદ્રા ઉપસાવી આપી છે. છેલ્લા ખંડમાં નાનાભાઈ જેબલિયાના વ્યક્તિત્વ અને સર્જન વિશે સમગ્રલક્ષી વાત કરતા લેખોમાં વિનોદ ભટ્ટ, રમણલાલ જોશી, યશવન્ત મહેતા, રાધેશ્યામ શર્મા, મનોહર ત્રિવેદી, રજનીકુમાર પંડ્યાના પ્રતિભાવો સાંપડ્યા છે.

આ આખોય ગ્રંથ એક સર્જકની સાહિત્યમુદ્રા ઉપસાવવા સાથે એમના સર્જનની લાક્ષણિકતાઓને, એમની નીજી વિચારધારાને, જીવનરેખાઓને ઉપસાવી આપે છે. ભવિષ્યનાં કોઈપણ અભ્યાસી માટે આ સામગ્રી બહુ જ મૂલ્યવાન બને. એ સાથે સાહિત્યના ઈતિહાસ માટે, કોશ માટે અને સાહિત્યના અભ્યાસીઓ માટે પણ ઉપયોગી બની રહે તેમ છે. આ સર્જકના સાહિત્યને વાંચનારાઓ, ચાહનારાઓ માટે આ રસથાળનું કામ કરે એવું સંપાદન થયું છે. આમ સાહિત્ય પદાર્થના ત્રણ છેડાઓ-સર્જક- કૃતિ અને ભાવક-ના ત્રીધરી વ્યાપારને સમૃદ્ધ કરીને સાચવતું ઉપયોગી સંપાદન ગણવામાં કોઈ સંકોચ થાય તેમ નથી. આ ગ્રંથને આવકારું છું.

**(નાનાભાઈ હ. જેબલિયા (વ્યક્તિત્વ અને સર્જનકર્મ) સં. કેસર મકવાણા, પ્ર.આ. 2012, સંવર્ધિત આવૃત્તિ- 2025, પ્રકા. ઝેન ઓપસ, હિંગળાજમાતા કમ્પાઉન્ડ, જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પાસે, નવરંગપુરા પોલીસ સ્ટેશન લાઈન, અમદાવાદ-380009, કુલ પાનાં-144, કિં. 275.00, કાચું પૂંઠું, ડેમિ)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ભેળસેળના માફિયાઓ સામે તંત્રનો ડર વધે નહીં તો શહેરના આરોગ્ય પર ખતરો

સુરત શહેરમાં ખાદ્ય ભેળસેળનો વધતો વેપાર હવે માત્ર એક સામાન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિ નથી રહ્યો, પરંતુ તે ગોઠવાયેલું અને સંગઠિત નેટવર્ક બની ચૂક્યો છે. તાજેતરમાં ફરી એક વખત શહેરમાં નકલી પનીરનો મોટો જથ્થો ઝડપાયો છે. દર વખતની જેમ આ વખતે પણ સમાચાર બન્યા, જથ્થો જપ્ત થયો અને કાર્યવાહી થઈ. પરંતુ મૂળ પ્રશ્ન હજુ યથાવત છે – શું આ કાર્યવાહીથી સમસ્યાનો અંત આવી ગયો છે? વાસ્તવિકતા એ છે કે જે પકડાયું છે તે માત્ર બરફના પહાડનો દેખાતો એક ટુકડો છે. તેની નીચે હજારો કિલો ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો રોજબરોજ બજારમાં ફરતા હોવાની ગંભીર શક્યતા છે. દૂધજન્ય પદાર્થો, મસાલા, મીઠાઈઓ અને અન્ય ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ કરીને કેટલાક લોકો નફાની લાલચમાં શહેરના લાખો નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ જુગાર રમતા દેખાઈ રહ્યા છે. પ્રશ્ન માત્ર એટલો નથી કે 1400 કિલો નકલી પનીર પકડાયું. અસલી પ્રશ્ન એ છે કે જે પકડાયું નથી તેનું શું? રોજબરોજ બજારમાં પહોંચતા હજારો કિલો ભેળસેળયુક્ત ખોરાક માટે જવાબદાર કોણ છે? ખાદ્ય સુરક્ષા માટે જવાબદાર તંત્ર માટે આ માત્ર રેડ કરીને ફોટોગ્રાફ લેવડાવવાનો વિષય નથી. આ સીધો શહેરના લાખો નાગરિકોના આરોગ્ય અને જીવન સાથે જોડાયેલો અત્યંત ગંભીર મુદ્દો છે. હવે સમય આવી ગયો છે કે તંત્ર ભેળસેળ સામેની લડાઈને માત્ર એક અભિયાન તરીકે નહીં પરંતુ સતત અને કડક અભિગમ તરીકે લે. નિયમિત તપાસ, કડક દંડ, લાઈસન્સ રદ કરવાની નીતિ અને જાહેરમાં નામ જાહેર કરવાની પારદર્શક વ્યવસ્થા વગર આ ભેળસેળના માફિયાઓ પર કાબૂ મેળવવો મુશ્કેલ છે. કારણ કે એક વાત સંપૂર્ણપણે સ્પષ્ટ છે – જો કાયદાનો ડર વધશે નહીં તો ભેળસેળના માફિયાઓ વધુ બેફામ બનશે. અને તેની અંતિમ કિંમત સુરતના સામાન્ય નાગરિકોને પોતાના આરોગ્યથી ચૂકવવી પડશે.

**સુરત - આશિષ ટેલર**

## પ્રધાનમંત્રીની ઈઝરાઈલની યાત્રા

આપણા દેશના કહેવાતા હિતેચ્છુ ઈઝરાઈલની આપણા પ્રધાનમંત્રીની તારીખ ૨૫-૨૬ ફેબ્રુઆરીની મુલાકાતના બે દિવસમાં જ ઈરાન પર અમેરિકા અને ઈઝરાઈલનો સંયુક્ત હુમલો થતા આપણા પ્રધાનમંત્રીની આ મુલાકાતે ઘણાં ભારતીયોને વિચારતા કર્યા છે કે આ મુલાકાતનો હેતુ શું હોઈ શકે? ૨૦૧૪ પહેલા મોટેભાગે દરેક પ્રધાનમંત્રીની વિદેશની મુલાકાત બાદ પ્રેસ કોન્ફરન્સ ગોઠવાતી જેમાં ઘણી બાબતોનો ખુલાસો થતો. હાલના આપણાં પ્રધાનમંત્રી આ પ્રથાથી દૂર રહ્યા છે. એથી હાલની એમની ઈઝરાઈલની મુલાકાત બાદ તરત ચાલુ થયેલ યુદ્ધને કારણે લોકોના મનમાં અનેક સવાલ ઊભા થયા એ સ્વાભાવિક છે. આ મુલાકાત દરમિયાન ઈઝરાઈલે ઈરાન વિરૂદ્ધ થનાર લશ્કરી હુમલા અંગે આપણા પ્રધાનમંત્રીને સૂચીત કર્યા હશે? અલબત્ત આપણા પ્રધાનમંત્રી માટે આપણે એવુ તો વિચારી કે માની ન જ શકીએ. પરંતુ એ સ્વભાવિક છે કે લોકોના મનમાં એ સવાલ જરૂર થાય કે હજી સુધી પ્રધાનમંત્રીએ અમેરિકા-ઈઝરાઈલના ઈરાન પર થયેલ હુમલા અંગે મૌન કેમ ધારણ કરેલ છે? આપણાં પ્રધાનમંત્રી અખાતના અન્ય દેશોને યુદ્ધથી દૂર રહેવા સમજાવી રહ્યા છે પરંતુ યુદ્ધનું બ્યુગલ ફૂંકનાર ઈઝરાઈલ અને અમેરિકાને યુદ્ધથી થતી તારાજીથી દૂર રહેવાની અપીલ કરી હોય એવું જાણાતુ નથી. આ સંજોગોમાં સૌ કોઈ એવુ ઈચ્છે કે પ્રધાનમંત્રી અંગે કોઈ ખોટુ ન વિચારે એ માટે પણ સરકાર દ્વારા આ અંગે ખુલાસો થાય જેથી કોઈપણ જાતની ગેરસમજને સ્થાન ન રહે.

**સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## સાચા અર્થમાં હીરો બનો

ફિલ્મ ઉદ્યોગમાં પડદા પરના હીરો અગણિત છે પરંતુ વાસ્તવિક જીવનમાં હીરોની ભૂમિકા ભજવનાર માત્ર એક જ કલાકાર છે અને એ છે અભિનેતા સોનુ સુદ જે માનવતાની દ્રષ્ટીએ સાચો સામાજીક કાર્યકર્તા અને હીરો છે. એવા અનેક ઉદાહરણો છે જેમા પીડિતોની આગળ આવીને મદદ કરી છે જેમકે કોરોના કાળ અને જરૂરીયાતમંદોને સહાયતા કરી છે. આર્થિક સંકટમા ફસાયેલા રાજપાલ યાદવને આર્થિક સહાયતા કરી છે. હાલમા જ દુબઈમા ફસાયેલા લોકો માટે ફ્રીમાં રહેવાની જોગવાઈ કરી છે અને વીડીયો શેર કરીને મદદની જરૂર હોય તો સંપર્ક કરવાની અપીલ કરી છે. અન્ય પડદાપરના અભિનેતાઓએ સાચા અર્થમાં હીરો કોને કહેવાય તે સોનુસુદ પાસે શીખવું જોઈએ.

**સુરત - રાજુ રાવલ**

## સોમવાર અને ભાત

રાષ્ટ્રભક્તિ કોને કહેવાય એનું એક નાનકડું દૃષ્ટાંત જોઈએ. પૂ. લાલબહાદુર શાસ્ત્રીએ જ્યારે દેશમાં ચોખાની સમસ્યા સર્જાઈ હતી ત્યારે આવાહન કરેલું કે આપણે સૌ પ્રત્યેક સોમવારે ભાત નહીં ખાઈશું. એ સમયે બાર-એક વર્ષની ઉમ્મરે આટલા નાના નિર્ણયનુ શું પરિણામ આવે એની એટલી કલ્પના ન હતી. પરંતુ આજે 76 વર્ષે આ વાત યાદ આવી ગઈ કે અમેરિકા અને ઈરાનના યુધ્ધને કારણે જો દેશમાં ઘરેલુ બળતણ ગેસની સમસ્યા ઊભી થાય તો આપણે સૌ આપણા એ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ સપ્તાહમાં એક દિવસ ચોખાનો ત્યાગ કરવા કહેલું તેમ આપણે સૌ વર્તમાનમાં ગેસ બચાવવા, રોજ ઠંડા પાણીએ સ્નાન કરીએ અને સંભવ હોય ત્યાં રસોઈ બીજી વાર ગરમ કરવાનું ટાળીએ. દેશ સામે ખાડી યુધ્ધને કારણે સંભવિત રાંધણ ગેસની સમસ્યાના ઉકેલ તરીકે આપણો આ નાનકડો નિર્ણય રાષ્ટ્રભક્તિનું શ્રેષ્ઠ દૃષ્ટાંત બનશે. હા, એક વાત છે. આને બદલે ન તો આપણને કોઈ મેડલ મળશે કે ના તો પ્રશંસાના બે શબ્દ. પરંતુ એક આત્મસંતોષ થશે કે મેં દેશ માટે કંઈક કર્યું અને બીજાને જોડીશું તો, પેલી કહેવત છે ને "સોનામાં સુગંધ." અને હા, આ માત્ર "પ્રાસંગિક (ખાડી યુધ્ધ)" વાત નથી. પેટ્રોલિયમ ઉત્પાદન ...... ટૂંક માં લખું તો, અમેરિકા પોતાની આ સંપત્તિ વાપરતું નથી. અણીના સમયે એ એનો ઉપયોગ કરશે (લાભ ઉઠાવશે). તેજીને ટકોરો.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## બે બિલાડીઓને લડાવી વાંદરો તેઓનો હિસ્સો ઝૂંટવી લે છે

દુકાળગ્રસ્ત દેશો, ભૂખે મરતા માટે કોઈને અનુકંપા નથી ત્યાંના રાજકર્તાઓ અમાનુષી ત્રાસ વર્તાવી બીજા દેશોએ આપેલુ અનાજ ભૂગર્ભમાં જતુ રહે છે. ભૂખ્યો માનવી ખૂન કરતા અચકાતો નથી, ભલભલા રાજાઓની હત્યા થઈ છે. શસ્ત્ર ઉત્પાદકો લાગણીહિન હોય છે. પોતાના અર્થતંત્રને સબળી બનાવવા આજ એક ઉપાય છે. એક બીજા પર આક્રમણ કરતા કરતા પોતે જ શસ્ત્ર ઉત્પાદકોના ખંડિયા બની ગયા. સરકારો ઉથલાવવા ઉપરોકત હથિયારના ઉત્પાદકો કામિયાબ નિવડયા.

**સુરત - અનિલ શાહ**

## અભિનંદન ઈશ્વરભાઈ

સુરતના સપૂત સાહિત્યકાર, પત્રકાર, ચર્ચાપત્રી ખરેખર ઈશ્વરનું સ્વરૂપ છે. મુખ્યમંત્રીના હસ્તે 'ધરતીપુત્ર'નો એવોર્ડ પ્રાપ્ત કર્યો એ સુરતવાસીઓ માટે આનંદ અને ગૌરવની વાત છે. મળસ્કે ચાર વાગ્યે 50 સુગમ સોસાયટીમાં કમળાના દર્દીઓ શહેર અને ગામડેથી દવા લેવા આવતા. જડમૂળથી પોતાની જાતે બનાવેલી દવા આપતા. આવુ સતત પચાસ વર્ષથી એકધારૂ દસલાખ લોકોને દવા આપી સેવાની ધૂણી થખાવી રહેલા ઈશ્વરભાઈ ધન્યતા અનુભવે છે અને જન જન ને સેવાનો સંદેશ પહોંચાડે છે. ચર્ચાપત્રી હોવાને નાતે ઈશ્વરભાઈ રોજ અમારા જેવા પત્રકારોને, ચર્ચાપત્રીઓને પોતાના ઘરે આમંત્રણ આપતા અને વકતાઓ દ્વારા વિષયને અનુરૂપ ન્યાય અપાવવાનો પ્રયત્ન કરતા. કાર્યક્રમને અંતે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ જરૂર રાખતા. ચા કે પીણાથી સૌનું સ્વાગત કરતા. 'અતિથિદેવો ભવઃ'નું સ્મરણ કરાવતા. સાચે જ ઈશ્વરભાઈ અભિનંદન એવોર્ડને સન્માનીય છે.

**સુરત - ગોપાળ આર. પરમાર**